

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*નાગપુર સાથે સ્વાર્થનો સેતુ બાંધી લીધો*
*એમ ગડકરીએ ગુપ્ત હેતૂ સાધી લીધો,*
*જંતુ કરે છે હુમલા 'નબળા' સમયમાં -*
*ગડકરીનો તપે સૂર્ય, કેતૂ સાધી લીધો !!*

### હાઈકુ

*નડ્યો રાહુ (લ)*
*સુપ્રીમનું ગ્રહણ -*
*ને મિત્રો માંદા!!*

*રહ્યા ગાફેલ!*
*દાઝી ગયું બાફેલ!*
*ચગ્યું રાફેલ!!*

### ચિંતન

*ભોગેન મત્તતા જંતોર્દાનેન પુનરુદ્ભવઃ ।*
*વૃથૈવોભયથા વિત્તં નાસ્તયેવ ગતિરન્દથા ॥*

ઉપરોક્ત શ્લોક 'વિવેક ચૂડામણિ'ગ્રંથમાંથી લેવામાં આવેલ છે.

ધન ભોગવવાથી મનુષ્ય મદોન્મત્ત બને છે અને દાન કરવાથી ફરી સંસારમાં (સારી કુળમાં પણ) જન્મ લેવો પડે છે, તેથી બંને પ્રકારે ધન નકામું જ છે અને એની બીજી કોઈ ગતિ નથી.

ધનનું દાન-પુણ્ય કરવાથી નામના વધે છે પરિણામે લોકોની અપેક્ષા વધે છે અને યાચકો વધે છે તેથી આવા દાનવીરને ધીમે ધીમે અભિમાન આવવા લાગે અને પતન થાય છે.

સારા માર્ગે ખર્ચવાથી સત્કર્મોને કારણે પુણ્યફળ ભોગવવા માટે 'જન્મ' લેવો પડે છે એ પણ એક પ્રકારે સજા છે મુક્તિ મળતી નથી.

કોઈ પણ કર્મમાં બંધાવું ન જોઈએ.

### સુવિચાર

- બદામ કે અખરોટ તો ઈશ્વર તમને આપે છે, પરંતુ એ ફોડીને પણ ઈશ્વર આપે એવું બની ન શકે - **ફ્રાન્ઝ ફારેકા**
- આપણા આત્મામાં થીજીને બરફ થયેલા દરિયાને કાપવાની કુહાડી તરીકે પુસ્તકો કામ કરે છે - **અખંડ આનંદ**
- આપણે બધાં એકમેક સાથે રહીએ છીએ, કેવળ એકમેક પાસેથી પૈસો બનાવવા - **ટી.એસ. ઈલીયટ**
- જેને લીધે બધાનું ધારણ એટલે રક્ષણ થાય તે ધર્મ, ધારણશક્તિથી યુક્ત હોય તે ધર્મ કહેવાય - **શાંતિ પર્વ**
- શું મનુષ્ય ઈશ્વરની એક ભૂલ છે કે પછી ઈશ્વર મનુષ્યની એક ભૂલ છે - **નિત્સે**
- બીજા લોકો જે આખો ગ્રંથ લખીને કહેવા માંગે છે તેને હું માત્ર દસ વાક્યોમાં કહેવાની મહેચ્છા રાખું છું - **ફાધર વાલેસ**
- આજનું ઔષધ : મુર્છાના દર્દીને ત્રીફળા ચૂર્ણ મધ સાથે આપવાથી તરત હોશ આવે છે.

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

નવું કામ કરવાનું ત્યાં સુધી શક્ય નથી બનતું જયાં સુધી સાહસ ખેડવામાં નથી આવતું, સાહસ સફળ થાય છે ત્યારે ચમત્કાર બની જાય છે. એક રાજાના દરબારમાં એક જાદુગર આવ્યો અને એ જાદુગરે કરતબ બતાવ્યો. બસો કિલોની ભેંસ તેણે ઊંચકી બતાવી. રાજા-રાણી તો અવાક્ જ થઈ ગયા. રાણીએ જાદુગરને પૂછ્યું, 'શું આ કોઈ જાદુ છે?' જાદુગરે કહ્યું, 'ના જી, મહારાણી આ હકીકત છે.' રાણીએ કહ્યું, 'તો બસો કીલોની ભેંસ તમે ઉપાડી કેવી રીતે ?' જાદુગરે કહ્યું, 'આ ભેંસ જયારે પાડીરૂપે જન્મી ત્યારે એ તો માત્ર વીસ કીલોની જ હતી. ત્યારથી હું તેને દિવસમાં ત્રણ વાર ઊંચકતો હતો. અને એ ક્રમ મેં આજ સુધી જાળવી રાખ્યો છે. આ જાદુ પ્રેક્ટિસથી શક્ય બન્યો છે. મેં સાતત્ય જાળવી રાખ્યું તો અશક્ય પણ શક્ય થઈ ગયું.' રાણીએ જાદુગરને ઈનામ આપી રવાના કર્યો.

# સાધુ-સંતોની ધીરજ ખુટી છે

**તંત્રીસ્થાનેથી...**

દ્વિપીઠાધીશ્વર તરીકે લાંબા વખતથી પ્રસ્થાપિત દ્વારકાપીઠના શંકરાચાર્ય પૂ. સ્વરૂપાનંદ સ્વામીએ હવે રામ જન્મભૂમિ મંદિરનો શિલાન્યાસ કરવા માટેની ઝુંબેશ ઉપાડી છે અને જીવના જોખમે સંત મહાત્માઓ ૨૧ ફેબ્રુઆરીના શુભ મુહુર્તમાં આ કર્મકાંડ પતાવી દેવા કૃત-સંકલ્પ છે. ભારતીય જનતા પાર્ટી અને એના સર્વોચ્ચ નેતા વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે દ્વારકાની શારદાપીઠના શંકરાચાર્ય સંબંધો મધુર નથી રહ્યા તે સર્વવિદિત છે. ઉત્તરપ્રદેશના વર્તમાન મુખ્યમંત્રી ગોરખપીઠના મહંત કે મહામંડલેશ્વર પણ છે. પરંતુ હિંદુ સનાતન ધર્માવલંબીઓ માટે શંકરાચાર્ય એ સર્વોચ્ચ ગુરુપદ છે, અને સંતો, મહંતોથી લઈ મોરારિ બાપુ કે શ્રી શ્રી રવિ શંકર જેવા મહાન ધર્માધ્યક્ષો શંકરાચાર્યની આણ સ્વીકારતા હોય ત્યારે વિશ્વ હિંદુ પરિષદ સહિતનાં હિંદુત્વવાદી સંગઠનો, સંતોના અખાડા તથા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ સુધ્ધાં એમની આજ્ઞા ઉથાપવાની હિંમત ન કરે તે સમજી શકાય એમ છે. ધર્મ પરિષદમાં વારંવાર કેન્દ્ર અને રાજયમાં સંપૂર્ણ બહુમતી ધરાવતી ભાજપ સરકારને જરૂર પડ્યે અધ્યાદેશ લાવીને રામલલ્લાને એમનું ઘર અપાવવાની વિનવણી કરાતી રહી છે અને એ મુદ્દે વારંવાર વિશ્વ હિંદુ પરિષદના અગ્રણીઓથી લઈ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વડા પણ તીખી ટકોર કરતા રહ્યા છે. કેન્દ્રમાં અને ઉત્તરપ્રદેશમાં ભાજપ સંપૂર્ણ બહુમતીમાં હોય તો જ આ કાર્ય થઈ શકે, એવી દલીલ કરતું રહેલું ભાજપ હવે ભોંઠપ અનુભવી રહ્યું છે, કારણ કે પ્રજાએ તો બેઉ સત્તાસ્થાનો પર પ્રચંડ બહુમતી સાથે ભાજપને આરૂઢ કરેલ છે. આ સિદ્ધિ ભાજપે એકલા વિકાસના મુદ્દા પર નહીં બલકે હિંદુત્વના કાર્ડને સિફતપૂર્વક ઉપયોગ કરીને હાંસલ કરેલ છે. હવે જયારે સંસદનો કાર્યકાળ પૂરો થવા જઈ રહ્યો છે ત્યારે કેન્દ્ર સરકારે હિંદુત્વવાદી પરિબળોને રાજી કરવા સુપ્રીમ કોર્ટમાં રામજન્મભૂમિ પરિસરની બિનવિવાદાસ્પદ ૬૭ એકર જમીન જે સરકારે સંપાદિત કરેલ હતી અને અદાલતે જેને યથાશક્તિ રાખવાના આદેશ સંદર્ભે એના મૂળ માલિકો જે મોટા ભાગના હિંદુઓ છે, એમને પરત કરવાની મનાઈ ફરમાવી હતી, તે છૂટી કરી આપવાની મંજૂરી માગતી અપીલ દાખલ કરી છે. કેન્દ્ર અને ઉત્તરપ્રદેશની સરકાર આ અપીલ દ્વારા પ્રજાને એવો સંદેશ પહોંચાડવા માગે છે કે અમે તો રામજન્મભૂમિ મંદિરનું ચણતર શરૂ થઈ જાય એ મુદ્દે ગંભીર જ છીએ - આ કોંગ્રેસવાળા જ કોર્ટનાં ચક્કર ચલાવી આખી પ્રક્રિયા ખોરંભે પાડી રહ્યા છે. હકીકતમાં જન્મભૂમિ ન્યાસના ટ્રસ્ટી મહંતને પણ સરકારની આ ચાલ છેતરામણી લાગી છે. શારદા પીઠના શંકરાચાર્ય બરાબર લાગ જોઈને કૂદી પડ્યા છે અને એમના અનુયાયીઓને વિવાદિત સ્થળે જ શિલાન્યાસ કરવા કૂચ કરવા પ્રેરી રહ્યા છે. સરકાર પણ જાણે છે કે સુપ્રીમ કોર્ટ લોકસભાની ચૂંટણી પૂર્વે કોઈ ચુકાદો આપવામાં મૂડમાં નથી. આ સંજોગોમાં ઉત્તરપ્રદેશમાં હિંદુત્વવાદી મુખ્યમંત્રીએ કરેલું નિવેદન પણ રાજકારણ પ્રેરિત જ હતું. એમણે કહ્યું હતું કે અદાલત નીવેડો ન લાવી શકતી હોય તો એ કેસ અમારા હવાલા કરી દે. અમે માત્ર ચોવીસ કલાકમાં ઉકેલ લાવી દઈશું. બાબરી ધ્વંસ માટે ચોવીસ કલાક પણ નહોતા લાગ્યા તે સૌ જાણે છે. પરંતુ ભાજપની વર્તમાન નેતાગીરીને તો હિંદુત્વનું નામ જ વટાવવું છે. મંદિર નિર્માણ મુદ્દે એ ગંભીર હોત તો બેઉ સત્તાકેન્દ્રો પર સ્પષ્ટ બહુમતી હોવા છતાં આટલો વિલંબ કર્યો હોત ખરો ? રામજન્મભૂમિ ભાજપ માટે મત મેળવવાના બહાનાથી વિશેષ કંઈ જ નથી એવી શંકરાચાર્યની સમજણ સાથે સહમત થવું જ રહ્યું.

# સામાન્યમાંથી અસામાન્ય



## રંગ-ઉમંગ

કાનન ઓઝા

તમારામાં મનમાં અદ્ભૂત ખજાનો પડેલો છે. તે પામવા માટે તમારે માત્ર તમારાં આંતરચક્ષુ જ ખોલવાની જરૂર છે. તે ખજાનામાંથી જ તમો અનેક રત્નો પ્રાપ્ત કરી શકો છો અને તમારું જીવન : સભર, આનંદપૂર્ણ અને ભવ્ય રીતે જીવી શકો છો. ઘણાએ લોકો આ ખજાના તરફ દુર્લક્ષ્ય જ સેવે છે. તેથી તેમને જે જોઈએ છે તે મળી શકતું નથી. જો જરા જેટલું પણ લક્ષ્ય સાથે તો તે સહજ રીતે જ મળી શકે છે.

એક સામાન્ય પરિવારનો છોકરો ભણવામાં તો સામાન્ય કરતાં પણ નીચો હતો. ધોરણ-૧૦ સુધીનો અભ્યાસ સરકારી શાળાઓમાં જ કર્યો અને ધોરણ-૧૦ના એના પરિણામમાં એની વિદ્વતાનો પરિચય એણે બધાને કરાવ્યો, ગણિત વિજ્ઞાન અને અંગ્રેજીમાં ત્રણેય મહત્ત્વના વિષયોમાં ૧૦૦માંથી ૩૫ માર્કસ આવ્યા આ બંનેને સ્વાભાવિક છે કે માર્કશીટ જોઈને કોઈ સ્કૂલ એડમિશન આપવા તૈયાર નહોતી. કારણ કે આવા નબળા વિદ્યાર્થીને એડમિશન આપીને ભલા કઈ શાળા પોતાનું પરિણામ બગાડે ?

સાયન્સ કે કોમર્સ તો વિચાર જ ન કરી શકાય. આ પરિણાના આધારે એટલે આપણે આ મિત્રએ આર્ટ્સ રાખ્યું.

અંગ્રેજી તો એવું સારું કે ફોર્મ ભરતી વખતે એના નામનો પહેલો અક્ષર કેપિટલને બદલે સ્મોલ કરેલો અને છેલ્લો અક્ષર સ્મોલ ને બદલે કેપિટલ કરેલો. આટલું સારું અંગ્રેજી હોવાથી અંગ્રેજી સાથે આર્ટસ કરવાનો વિચાર કર્યો.

બસ અહીંથી બદલાવ આવે છે. મને કેમ અંગ્રેજી ન આવડે ? જો સામાન્ય માણસ અંગ્રેજી શીખી શકે તો હું કેમ નહીં ? મારું અંગ્રેજી કેમ ન સુધરે ? અને એણે સખત મહેનત શરૂ કરી બી.એ. પછી એમ.એ. અને બી.એડ્. કર્યું. વિદ્યા સહાયક તરીકે એક ગામમાં ૨૫૦૦ ના ફિક્સ પગારમાં નોકરી શરૂ કરી.

અહીંયા એના દિમાગમાં એક સ્વપ્ન બીજ રોપાયું. મારે સામાન્ય શિક્ષક તરીકે નહી પરંતુ આઈએએસ બનીને કલેક્ટર તરીકે કામ કરવું છે. ધોરણ ૧૦માં માંડ માંડ પાસ થયેલા આ શિક્ષક મિત્રએ આભને આંબવાનું અને દેશની સર્વોચ્ચ પરીક્ષા આપવાનું નક્કી કર્યું. રોજની ૧૨થી ૧૪ કલાકની મહેનત શરૂ કરી અને નોકરી પણ મૂકી દીધી. પ્રથમ પરીક્ષામાં બેઠા. પરિણામ આવ્યું નાપાસ, બીજી વાર નાપાસ, ત્રીજી વાર, ચોથી વાર નાપાસ... હવે તો હદ થાય. વારંવારની નિષ્ફળતા પછી પણ આપણા એ મિત્ર માટે જ લખાઈ હશે.

'સફળતાનો અંત હું રસ્તા પરની ઠોકરથી નહીં લાવું,
હજું તો મારે મંઝીલને લાત મારવાની બાકી છે.'

પાંચમા પ્રયાસે આપણા આ મિત્રને પોતાની મંઝીલને લાત મારી. યુપીએસસી પાસ કરી અને એ પણ અંગ્રેજી માધ્યમમાં અને એને આઈએએસ કેડર મળી અને ગુજરાત રાજયમાં મળ્યું. ગુજરાત રાજયમાં જ આઈ.એ.એસ. અધિકારી તરીકે ફરજ બજાવવા લાગ્યા.

જો મનોબળ મજબૂત હોત તો સખત મહેનત દ્વારા સામાન્યમાંથી અસામાન્ય બની શકાય. માત્ર ટકાવારીના આધારે જો કોઈનું મૂલ્યાંકન કરવાની ભૂલ કરારેય નહીં કરવી.

# ભારતનું કયું રાજય 'ટાઈગર સ્ટેટ' તરીકે ઓળખાય છે



## ખજાનો

અનિલ પટેલ

### પર્યાવરણ

૧ સૌપ્રથમ વિશ્વ પૃથ્વી સંમેલન કયારે ભરાયું હતું ?
(અ) ૧૯૮૬ (બ) ૧૯૯૦
(ક) ૧૯૯૨ (ડ) ૧૯૯૪

૨ એપ્પિકો આંદોલનની શરુઆત કયા રાજયમાંથી થઈ હતી ?
(અ) કર્ણાટક (બ) તામિલનાડુ
(ક) કેરાલા (ડ) આંધ્રપ્રદેશ

૩ 'ઈકોલોજી' શબ્દનો સૌપ્રથમ પ્રયોગ કોણે કર્યો હતો ?
(અ) ડાર્વિન (બ) અન્સર્ટ હીકલ
(ક) જે.સી. બોઝ (ડ) સલીમ અલી

૪ સુંદરલાલ બહુગુણા કયા આંદોલનના પ્રણેતા હતા ?
(અ) ભૂદાન (બ) એપ્પિકો
(ક) નર્મદા બચાવો (ડ) ચિપકો

૫ કયું પક્ષી અભ્યારણ્ય પક્ષીઓના સ્વર્ગ તરીકે ઓળખાય છે ?
(અ) કેવલાદેવ રાષ્ટ્રીય ઉદ્યાન (બ) ભરતપુર અભ્યારણ્ય
(ક) જિમ કાર્બેટ અભ્યારણ્ય (ડ) ડચીગ્રામ અભ્યારણ્ય

૬ રાષ્ટ્રીય મરૂઉદ્યાન કયા રાજયમાં આવેલ છે?
(અ) પંજાબ (બ) ગુજરાત
(ક) રાજસ્થાન (ડ) હરિયાણા

૭ ગ્રીન હાઉસ શબ્દનો સૌપ્રથમ કોણે ઉપયોગ કર્યો હતો?
(અ) અન્સર્ટ હીકલ (બ) જે. ફોરીયર
(ક) ગ્રેહામ બેલ (ડ) રોબર્ટ બોઈલ

૮ ૧૮૭૨માં સ્થાપિત વિશ્વનો પ્રથમ રાષ્ટ્રીય ઉદ્યાન યલોસ્ટોન કયા દેશમાં આવેલ છે?
(અ) આફ્રિકા (બ) ઈંગ્લેન્ડ
(ક) ઓસ્ટ્રેલિયા (ડ) અમેરિકા

૯ ભારતમાં વન મહોત્સવ કયા મહિનામાં ઉજવવામાં આવે છે ?
(અ) જુન (બ) જુલાઈ
(ક) ઓગસ્ટ (ડ) સપ્ટેમ્બર

૧૦ કયા પર્યાવરણવાદી વૈજ્ઞાનિકો પર્યાવરણમાં ખુબ જાણીતા કયા શબ્દોનો પ્રયોગ કર્યો ?
(અ) ઈકો સીસ્ટમ (બ) એસિડ રેઈન
(ક) ફૂડ ચેઈન (ડ) વન્યજીવ સંરક્ષણ

૧૧ મોન્ટ્રીયલ પ્રોટોકોલ કોને સંબંધિત છે ?
(અ) કાર્બન ક્રેડીટ (બ) ગ્લોબલ વોર્મિંગ
(ક) ઓઝોન સ્તર (ડ) વન્યજીવ સંરક્ષણ

૧૨ ભોપાલ ગેસ દુર્ઘટના માટે કયો વાયુ જવાબદાર છે ?
(અ) એમોનીયા (બ) સલ્ફર ડાયોકસાઈડ
(ક) ઈથીલીન (ડ) મિથાઈલ આઈસો સાઈનાઈડ

૧૩ વાયુમંડળમાં કયા વાયુની સૌથી વધુ માત્રા વધવાથી વૈશ્વિક તાપમાન અસર ઊભી થઈ છે ?
(અ) કાર્બન ડાયોકસાઈડ (બ) કાર્બન મોનોકસાઈડ
(ક) મિથેન (ડ) સલ્ફર ડાયોકસાઈડ

૧૪ ભારતનું કયું રાજય 'ટાઈગર સ્ટેટ' તરીકે ઓળખાય છે ?
(અ) અસમ (બ) પ. બંગાળ
(ક) મધ્યપ્રદેશ (ડ) મહારાષ્ટ્ર

૧૫ દુનિયામાં સૌ પ્રથમ કાર્બન ટેક્સ લાવનાર દેશ કયો છે ?
(અ) ગ્રીનલેન્ડ (બ) ફિનલેન્ડ
(ક) અમેરિકા (ડ) જાપાન

### વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતી મહત્ત્વની ઘટનાઓ**

- **૧ ફેબ્રુઆરી : તટરક્ષક દિન/કોસ્ટગાર્ડ સ્થાપના દિન**
  'ગ્રંથપાલ ઉદ્યમ પિતામહ' નું બિરુદ મેળવનાર પુસ્તકાલય પ્રવૃત્તિના જનક મોતીભાઈ અમીનનું નિધન (૧૯૩૯)
  ભારતીય મુળની અવકાશયાત્રી કલ્પના ચાવલાનું સ્પેશ શટલ દુર્ઘટનામાં અવસાન (૨૦૦૩)
  ગુજરાતી મૂળના અભિનેતા જેકી શ્રોફનો જન્મદિવસ (૧૯૬૦)
- **૨ ફેબ્રુઆરી :**
  - 'મહારાષ્ટ્ર સારસ્વતના આધુનિક વ્યાસ' તરીકે જાણીતા શ્રીધર વ્યંકતેશ કેતકરનો જન્મ દિવસ (૧૮૮૪)
  - જાતીય અને યૌન વિજ્ઞાના પ્રણેતા ડૉ. હેન્ટરી હેવલોક એલિસનો જન્મ દિવસ (૧૮૮૯)
  - વિશ્વનું સૌથી મોટું ન્યૂયોર્કનું ગ્રાન્ડ રેલવે સ્ટેશન ખુલ્લું મુકાયું (૧૯૩૧)
  - બીજા વિશ્વ યુદ્ધમાં જર્મનીએ શરણાગતિ સ્વીકારી. (૧૯૪૩)
- **૩ ફેબ્રુઆરી :**
  - ભારતમાં ઈસ્ટ ઈન્ડિયા રેલવેની શરુઆત (૧૮૫૫)
  - મુંબઈ અને કુર્લા વચ્ચે પ્રથમ ઈલેક્ટ્રીક રેલવેની શરુઆત (૧૯૨૪)
  - મહિલાઓના રાહબર લીલાબેન પટેલનો જન્મ દિવસ (૧૯૧૪)
  - રશિયાનું લ્યૂના-૯ યાન ચંદ્રની ધરતી પર લેન્ડીંગ કર્યું (૧૯૬૬)
- **૪ ફેબ્રુઆરી : શ્રીલંકાનો રાષ્ટ્રીય દિવસ**
  - કથ્થક નૃત્ય શૈલીના શિરમોર પંડિત બિરજુ મહારાજનો જન્મદિવસ (૧૯૩૮)
  - ત્રેવિસ કલાક ત્રીસ મીનીટ સુધી સતત હવાઈ ઉડ્ડયન કરનાર પ્રથમ પાયલોટ ચાર્લ્સ લિન્ડબર્ગનો જન્મદિવસ (૧૯૦૨)
  - અર્નાલુકલમને દેશનો પ્રથમ સાક્ષર જિલ્લો જાહેર કરાયો. (૧૯૯૦)
- **૫ ફેબ્રુઆરી :**
  - અંગ્રેજી ભાષાના સમર્થ ગદ્યકાર થોમસ કર્લાઈવનું નિધન (૧૮૮૧)
  - બહુમુખી પ્રતિભા ધરાવતા જ્ઞાનપીઠ એવોર્ડ વિજેતા સાહિત્યકાર રઘુવીર ચૌધરીનો જન્મદિવસ (૧૯૩૮)
  - અમદાવાદની વેધશાળાનો સ્થાપના દિવસ (૧૮૫૭)
  - લોથલ ખાતે ૪૫૦૦ વર્ષ જૂનું બંદરગાર મળી આવ્યું (૧૯૬૨)
- **૬ ફેબ્રુઆરી : જમ્મુ કાશ્મીર દિન**
  - ભારતીય રાજનીતિના ઉજવળ તારક પંડિત મોતીલાલ નહેરુનો જન્મદિવસ (૧૮૬૧)
  - જહાંગીરે અંગ્રેજોને સુરત ખાતે કોઠી સ્થાપવાની મંજૂરી આપી (૧૬૧૩)
  - સચિને પેશાવરમાં ચૌદ હજાર રજ પુરા કર્યા (૨૦૦૬)
- **૭ ફેબ્રુઆરી :**
  - ઈંગ્લેન્ડના લોકપ્રિય નવલકથાઓના સર્જક ચાર્લ્સ ડિકશનનો જન્મદિવસ (૧૮૧૨)
  - ગુજરાતી ભાષાના કવિ - શાયર સુફીવાદી તત્ત્વચિંતક જગન્નાથ ત્રિપાઠીનો જન્મદિવસ (૧૮૮૩)
  - અમેરિકાએ ક્યુબા પર આયાત નિકાસનો પ્રતિબંધ મુક્યો. (૧૯૬૨)

### ગત સપ્તાહના સવાલનો જવાબ

**તાજેતરમાં યુરોપના કયા દેશમાં પેટ્રોલના ભાવ વધારા મુદ્દે લોકો હિંસક આંદોલન પર ઉતરી આવ્યા હતા? જવાબ : ફ્રાન્સ**

### સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) ઋજિત એમ. રાવલ : સે-૭ડી (૨) હાર્દિક એન. ભટ્ટ : સે-૨૪
(૩) મહેશ એમ. જાદવ : ગૂ. વિદ્યાપીઠ (૪) નટુભાઈ દરજી : પેથાપુર
(૫) કૌશલ કે. પટેલ (૬) જયેન્દ્ર પ્રસાદ પાઠક : સે-૬બી
(૭) પંકજ આર પ્રજાપતિ : ઉવારસદ (૮) મૂળજીભાઈ પરમાર : સે-૭બી

### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**ભારતીય મૂળની અવકાશયાત્રી કલ્પના ચાલવાનું મૃત્યુ જે યાનમાં થયું હતું તેનું નામ શું હતું?**

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ**

**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

# અપ્રગટ સ્નેહની રોમાંચક કથા



મત્સ્યપ્રદેશમાં રાજા વિરાટ અને રાણી સુદેષણા હતા. સુદેષણાના અંતઃપુરમાં દશેક મહિનાથી એક પરિચારિકા આવી હતી. સૌંદર્ય પ્રધાનોમાં એ નિપુણ હતી. આથી આ સુંદર દાસીને લોકો સૈરન્ધ્રી કહેતા.

રાજા અતઃપુરના મનોરંજન માટે ક્રિડાંગણમાં આયોજન કરતા. એની પાકશાળામાં બલ્લવ નામે રસોઈયો હતો. તે શક્તિશાળી હતો. રાજા ક્રિડાંગણમાં બલ્લવ સાથે હિંસક પ્રાણીઓ સાથેની હાથોહાથની લડાઈ રાખતો. સૈરન્ધ્રી આ જોઈને ઉદાસ થઈ જાય. અંતઃપુરની મહિલાઓ આ જોઈને કાનાફૂસી કરતી. 'સૈરન્ધ્રીને બલ્લવ માટે પ્રેમ છે.'



## અમર વારસો

ડૉ. રશ્મિકાન્ત મહેતા

રાજાનો સાળો કીચક રાજયનો સેનાપતિ હતો. એણે અંતઃપુરની આ દાસીને જોઈ એને આ સૈરન્ધ્રી સાથે પરણવાનું મન થયું. એણે સુદેષ્ણાને વિશ્વાસમાં લીધી અને સૈરન્ધ્રી પાસે સીધો પ્રસ્તાવ જ મૂક્યો. સૈરન્ધ્રીએ એને વાર્યો અને સમજાવ્યું - 'હું પરસ્ત્રી છું. આ અનીતિનો માર્ગ છોડી દે. પાંચ ગંધર્વ રાજ મારા પતિઓ છે. તું જો આગળ વધીશ, તો એ તને નહિ છોડે. ગમે ત્યાંથી તને શોધીને, તને મારી નાખશે.'

પરંતુ વાસના કોને કહે ? એણે સુદેષ્ણાને કહ્યું, - 'મને સૈરન્ધ્રી મેળવી આપ. કોઈક એવો ઉપાય કર. એ મારી પાસે આવે.' સુદેષ્ણાએ ઉપાય સૂચવ્યો. 'તું કોઈ ઉત્સવનું આયોજન કર. તેમાં સ્વાદિષ્ઠ અને સુવાસિત આસવ બનાવ. તું મને આ આસવ મોકલજે. લેવા માટે હું સૈરન્ધ્રીને તારી પાસે મોકલીશ.'

કીચકે આનું પાલન કર્યું. સુદેષ્ણાએ સૈરન્ધ્રીને ઢાંકેલું સુવર્ણપાત્ર આપ્યું અને કહ્યું, 'કીચકને ઘરે જા અને આમાં આસવ લઈ આવ.' સૈરન્ધ્રીએ ના પાડી, તો પરાણે એને મોકલી. માર્ગમાં સૈરન્ધ્રીએ ભગવાન સૂર્યને વિનંતી કરી. સૂર્યે એની સાથે રક્ષક તરીકે અદશ્ય રાક્ષસ મૂકી દીધો. એ કીચકના ઘરમાં પ્રવેશી. કીચકે એનો જમણો હાથ પકડ્યો. સૈરન્ધ્રીએ ઝાટકો મારી હાથ છોડાવ્યો અને ધક્કો મારીને પાડી દીધો. ત્યાંથી નાશીને સભામાં આવી. કીચકે એને ત્યાં આવીને લાત મારી. અદશ્ય રાક્ષસે કીચકને જમીન પર પાડી દીધો.

સૈરન્ધ્રીએ બલ્લવ સાથે ગુપ્ત આયોજન કર્યું. નૃત્યશાળામાં એક મનોહર પલંગ હતો. એણે કીચકને રાત્રે અંધારામાં આવવાનું નિમંત્રણ આપ્યું. સાથે વિનંતી કરી કે 'એકાંત માટે એકલો આવજે.'

કીચક સાજસણગાર સજીને સૈરન્ધ્રી સાથે રહેવા રાત્રે નૃત્યશાળામાં આનંદપૂર્વક આવ્યો. સજાવેલા પલંગ ઉપર સૂવા ગયો. ત્યાં બલ્લવ સૂતો હતો. બલ્લવે એને એવી રીતે મારી નાખ્યો કે એના દેહનો આકાર દડા જેવો થઈ ગયો. હાથ પગ માથું બધું અંદર !! નૃત્યશાળાના રક્ષકો ધસી આવ્યા, એને સૈરેન્ધ્રીએ સમાચાર આવ્યા - 'ગંધર્વરાજે આને માર્યો છે.'

કીચકના નાનાભાઈઓ ગુસ્સે થયા. કીચકને સ્મશાન્ને લઈ જતા હતા, ત્યારે સૈરન્ધ્રીને પકડીને સાથે બાંધી. સ્મશાનમાં એક મહાકાય વૃક્ષની મદદથી ત્યાએ આ ભાઈઓનો વધ કર્યો. ભાઈઓ આ 'ગંધર્વરાજ'થી મરાયા.

બલ્લવ પાછો પાકશાળામાં આવી ગયો. સૈરન્ધ્રી ત્યાંથી પસાર થઈ. બંનેએ એકબીજાને પ્રેમાળ સ્મિત આપ્યું. નગરમાં કોઈને આમના અપ્રગટ સ્નેહની ખબર ન હતી કે - 'આ પતિપત્ની છે - ભીમ અને દ્રૌપદી.'